50

# Ideal Research

An International Multidisciplinary e-Journal (ISSN- 2454-857X)

Volume-1, Issue-3,
February-2016

Website www.idealresearch.in

Editor - In - Chief

Dr. Dinesh B. Chaudhari

Deptt. of English, Smt. C.C. Mahila Arts & C.N. Commerce College, Visnagar,

Gujarat, India.

Mobile: 09909291526

Email Address – admin@idealresearch.in

13

Ideal Research
An International Multidisciplinary e-Journal (ISSN : 2454-857X)
Www.idealresearch.in


| | | | | |
|---|---|---|---|---|
| 21 | शूद्रक के 'मृच्छकटिक' में प्रतिबिंबित गणिका जीवन | प्रा. जगदीश एच. पटेल | Article / Sanskrit | 142 - 151 |
| 22 | આચાર્ય હેમચંદ્ર : જીવન અને કવન | પ્રા. દલાભાઈ એચ. બોકા | Article / History | 152 - 158 |
| 23 | ગ્રંથાલ્યીત્વ : એક વ્યવસાય | ચૌધરી ડિમ્પલબેન જી. | Article / Library Science | 159 - 165 |
| 24 | કબીર વિવિધ આયામ : કબીરની પ્રાસંગિકતા | ડો. એમ. એમ. જગાણી | Article / Political Science | 166 - 173 |
| 25 | વિજયનગર વિસ્તારના વણકરોનું આદિવાસીકરણ | પ્રો. નીતિનભાઈ જે. રૈટીયા | Article / Sociology | 174 - 181 |
| 26 | ૧૮૫૭ ના વિપ્લવનું એક કારણ: ગૌહત્યા | પ્રા. કલ્પેશકુમાર.પી. ચૌધરી | Article / History | 182 - 185 |
| 27 | વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં મેનેજમેન્ટ શિક્ષણ | ડૉ. ફાલ્ગુની જી. પ્રજાપતિ | Article / Library Science | 186 - 188 |
| 28 | કબીર સાહિત્યની પ્રાસંગિકતા ✓ Relevance of Kabir Literature | ડૉ. એમ. આર. રાવલ Dr. M.R. Raval | Article / Hindi | 189 - 193 ✓ |
| 29 | યોગ, સ્વાસ્થ્ય અને ગીતા | પ્રો. મહાવીરસિંહ બી. ડાભી | Article / Sports | 194 - 196 |

Ideal Research
An International Multidisciplinary e-Journal (ISSN : 2454-857X)
Www.idealresearch.in

# કબીર સાહિત્યની પ્રાસંગિકતા

ડૉ. એમ. આર. રાવલ
જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર, જી. બ.કાં.

---

ભારતની ભૂમિમાં જે મહાન કવિઓ અને સંતો થઈ ગયા તેમાં કબીર મોખરાનું સ્થાન ધરાવે છે. તેમના જન્મ અને મૃત્યુ વિશે મતભેદ પ્રવર્તે છે. પરંતુ વિદ્વાનોનું માનવું છે કે તેમનો જન્મ સંવત ૧૪૫૫ અને મૃત્યુ ૧૫૭૫ માં થયું હતું. પંદરમી સદીના આ મહાન કવિને લોકો દાસ, સંત, ભકત નામોથી ઓળખતા હતા. હિન્દી સાહિત્યમાં 'ભક્તિકાળ' (સંવત ૧૩૭૫-૧૭૦૦) કે જેને 'સુવર્ણ યુગ' તરીકે ઓળખવામાં આવે છે એ સમય દરમ્યાન કબીર, તુલસીદાસ, સુરદાસ વગેરે જેવા કવિઓએ જનમાનસ પર પ્રવર્તતા અંધકારને દૂર કરવાનું કામ કર્યું હતું. કબીરએ પ્રસિધ્ધ સંત રામાનંદને પોતાના ગુરૂ બનાવ્યા હતા. કબીર પોતે અભણ હતા.

मसिकागर छूवो नहि, कलम गही नहि हाथ ।
चारिउ जुगकी महातम मुखहि जनाई बात ॥

પરંતુ લાંબી મુસાફરી અને વિભિન્ન ધર્મોના સંતોના સત્સંગ દ્વારા તેમણે જીવનનું જ્ઞાન મેળવ્યું છે. કબીરનું સાહિત્ય તેમના જીવન વિશેના તત્વજ્ઞાનનું પ્રતિબિંબ છે.

આ શોધ પત્ર લખવા પાછળનો મારો મુખ્ય હેતુ કબીર સાહિત્યની પ્રાસંગિકતા વિશે વાત કરવાનો છે.

વર્તમાન સમયમાં માણસ સંસારની ઘણી સમસ્યાઓથી ઘેરાયેલા હોય છે. આસમયમાં કબીર સાહિત્યનું અધ્યયન –અધ્યાપન માણસને તેના વ્યક્તિગત જીવનમાં ઉપયોગી નિવડે છે.

दुर्लभ मानुष जनम है, देह न बारम्बार ।
तरुवर ज्यों पत्ता झडे, बहुरि न लागै डोर ॥

માનવ જીવનનું લક્ષ્ય પ્રભુભક્તિ અને ઈશ્વર સાક્ષાત્કાર હોવો જોઈએ. મનુષ્ય દેહ અત્યંત દુર્લભ છે. કબીરના કહેવાનું તાત્પર્ય એ છે કે દુર્લભ માનવ જીવનમાં સારા કર્મો અને પ્રભુ સ્મરણ કરી જીવનને યોગ્ય બનાવવું જોઈએ.પ્રત્યેક જીવે આત્માશુધ્ધિ તરફ ધ્યાન આપવું જોઈએ અને આ આત્માની શુધ્ધિ પ્રભુ આરાધનાથી થાય છે.

नहाय ध्याय क्या भया, जो मन मैल न जाया ।
मीन सदा जई मे रहे, धोय वास न जाय ॥